આપણું પોતાનું અખબાર

શબ્દો, આપણી એકમાત્ર મૂલ્યવાન સંપત્તિ છે
- સેમ્યુઅલ બેકેટ

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૨૮ | ૨૭ ઓક્ટોબર, ૨૦૧૨, શનિવાર; આસો સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# જિલ્લાની ત્રણ બેઠકો પર મંત્રીઓની નજર

## નવા સીમાંકનથી બદલાયેલા સમીકરણોનો લાભ લેવા ભાજપ ખાસ વ્યુહરચના તૈયાર કરવામાં વ્યસ્ત : ગાંધીનગર (ઉ), દહેગામ અને કલોલ બેઠક માટે મંત્રી મંડળના સભ્યો ઈચ્છુક હોવાની વાતોથી રાજકીય માહોલ ગરમાયો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર જિલ્લાની વિધાનસભાની પાંચ બેઠકો પૈકી ૩ બેઠકો માટે રાજય મંત્રી મંડળના ૩ સભ્યો નજર રાખી બેઠા છે અને જો પક્ષ મંજૂરી આપે તો તે લડવા માટેની તૈયારીઓ પણ ખાનગીમાં રાખી હોવાની વાતોએ પાટનગર જિલ્લાના રાજકીય વાતાવરણમાં ગરમાવો લાવી દીધો છે.

જે મંત્રીઓના નામ બોલાય છે તેમાં કેબીનેટ મંત્રી નિતીન પટેલ, રાજમયંત્રી પ્રદિપસિંહ જાડેજા અને જિલ્લાના પ્રભારી મંત્રી જયસિંહ ચૌહાણનો સમાવેશ થાય છે. આ ત્રણ



બેઠકોમાં ગાંધીનગર (ઉ), કલોલ અને દહેગામ બેઠકનો સમાવેશ થાય છે.

ભાજપમાંથી ૩ બેઠકો માટે મંત્રીઓના નામોની કોઈ રજુઆત નિરીક્ષકો સમક્ષ થઈ નથી પરંતુ સત્તાધારી પક્ષ જિલ્લામાં સંગઠન મજબુત પક્કડ ધરાવે છે તેવી છાપ ઉભી કરવા માટે આ જુગાર ખેલે તે શકયતાઓ પણ નકારાતી નથી.

ભાજપના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે નવા સીમાંકનને કારણે જિલ્લાના રાજકીય સમીકરણોમાં બદલાવ આવ્યો છે અને બદલાવનો લાભ તેમનો પક્ષ લેવા માટેની વ્યુહરચના તૈયાર કરી રહેલ છે.

પક્ષના સૂત્રોએ જણાવ્યું છે કે અમારા માટે ઉમેદવાર કરતાં કમળ ખીલે અને જયજયકાર થાય એ જ અમારું લક્ષ્ય છે એટલે જ અમે

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં ઠંડીનો ચમકારો

## સૌથી ઓછું તાપમાન ગાંધીનગરમાં-૧૫ ડિગ્રી : દિવસે ગરમીનું પ્રમાણ યથાવત

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરમાં શુક્રવારે લઘુતમ તાપમાન ૧૫. ડિગ્રી નોંધાતા સમગ્ર રાજયમાં સૌથી વધુ ઠંડી ગાંધીનગરનાઓએ અનુભવી હતી. પરંતુ દિવસ દરમિયાન ગરમી યથાવત રહેવા પામી હતી.

ગાંધીનગર, અમદાવાદ સહિત રાજયમાં હવે મધરાત્રિ બાદ ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે અને વહેલી સવારે ગુલાબી ઠંડીનો અહેસાસ થાય છે. જો કે દિવસે હજુ પણ ગરમીનું પ્રમાણ ચાલુ રહ્યું છે. રાજ્યમાં આજે સૌથી ઓછું તાપમાન ગાંધીનગરમાં ૧૫.૦ ડીગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ ઉપરાંત નલીયામાં ૧૫.૬ અને મહુવામાં ૧૫.૭ ડીગ્રી નોંધાયું હતું.

હવે દિવાળી નજીક આવી રહી છે ત્યારે રાજ્યમાં ઠંડી ધીમે ધીમે પગલાં માંડી રહી છે. હાલમાં દિવસે સામાન્ય ગરમી અને રાત્રે ગુલાબી ઠંડીના કાણે બેવડી ઋતુ રહેતા શરદી તાવના કેસોમાં વધારો નોંધાયો છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૪.૫ ડીગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૮.૪ ડીગ્રી સેલ્સીયસ નોંધાયું હતું.

હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૪૮ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૩૫ ટકા નોંધાયું હતું. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે રાજ્યના તમામ જિલ્લા દીવ, દમણ અને દાદરાનગર હવેલીમાં દિવસે સૂર્યાચ્છાદિત વાતાવરણ રહેશે અને રાત્રે ઠંડીનો ચમકારો વધારશે. રાજ્યમાં લઘુતમ તાપમાન નલીયામાં ૧૫.૬ ડીગ્રી, મહુવામાં ૧૫.૭, ડીસામાં ૧૭.૫, વલસાડમાં ૧૭.૬ ડીગ્રી સેલ્સીયસ નોંધાયું હતું.



**લવારપુર ગામે નવરાત્રી મહોત્સવ સંપન્ન ટાણે ગરબા વળાવવા ખેલૈયાઓ મન મૂકીને ઝૂમી ઉઠયા**

લવારપુર ગામના સુપ્રસિધ્ધ તોત્રી માતાજીની અનોખી શ્રધ્ધા રૂપે નવરાત્રી મહોત્સવનું પરંપરાગત રીતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. નવરાત્રીની ઉજવણી ટાણે મા આદ્યશકિતની અર્ચના-પૂજા માટે પ્રાચીન-અર્વાચીન ગરબામાં સૌ માઈભકતો શુભમુહુર્તમાં ગામના મુખ્ય મઢી ચોકમાં તોત્રી માતાનું મંદિર પ્રતિકરૂપે બનાવી 'મા'ની સમક્ષ જુદાજુદા દેવ-દેવીઓના માનતાના કોતરેલા અને રંગરોગાન કરેલા વિવિધ અસંખ્ય ગરબામાં 'ઘી'નો દીવો પ્રગટાવી ઝગમગતા દિવડાથી સમગ્ર ગામ ઝળહળી ઉઠતા અલૌકિક ગરબા મહોત્સવ માણવા શ્રધ્ધાળુનું ઘોડાપુર ઉમટી પડયું હતું. આ ચોકમાં મોડી રાત્રે ૪ વાગ્યાના સમયે ગરબા વળાવવા તોત્રીમાતાના મંદિરે જવા માગતા માઈ ભકતો હાથમાં કે માથે વાગતા ઢોલ-નગારા સાથે પ્રસ્થાન કરતાં અલૌકિક કુદરતી અદભૂત દશ્યોથી માતાજીની અપરંપાર કૃપાથી સર્વ શ્રધ્ધાળુની મનોભાવના સિધ્ધ થાય તેવી પ્રાર્થના કરી હતી.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# રવિ સીઝનનો પ્રારંભ મોડો થવાની ધારણા

## રવિ સીઝનમાં ૬૫ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર માટેનું પાક આયોજન તૈયાર : ઘઉં, બટાટા અને શાકભાજીનું વાવેતર વધવાના સંકેતો

ગાંધીનગર, તા. ૨૬

હવામાનની પ્રતિકૂળતાઓને ધ્યાને લેતાં કૃષિક્ષેત્રે રવિપાકની વાવણીનો પ્રારંભ એકાદ પખવાડિયુ મોડુ થશે તેમ ખેડૂત આગેવાનો માની રહ્યા છે. જિલ્લામાં રવિ સીઝન દરમ્યાન ૬૫ હજાર હેટર વિસ્તારમાં વાવેતર થાય તેવા અંદાજો છે.

ખરીફ ઋતુમાં પાછોતરો વરસાદ સારો થતાં ખેડૂતો હજુ રવિ સીઝનની વાવણી માટે આતુર બન્યા નથી એટલુ જ નહિ હવામાનની પણ પ્રતિકૂળતાને કારણે આ વખતે રવિસીઝનનો પ્રારંભ મોડો થશે તેમ ખેડૂત આગેવાનોનું કહેવું છે. સામાન્યતઃ ઓક્ટો. થી નવેમ્બરની ૧૦મી સુધીમાં રવિસીઝનનું વાવેતર થઈ જતુ હોય છે.

ગાંધીનગર જિલ્લાનો ઘઉંના વાવેતર માટે સિડવિલેજ પ્રોજેક્ટ અંતર્ગત પસંદગી થઈ હોવાથી આ વખતે ઘઉંના વાવેતરમાં વધારો થશે તેવા અંદાજો છે. ઘઉંના બિયારણોની આવક બજારમાં આરંભાઈ ચુકી છે. જિલ્લામાં સિંચાઈની નહિવત સુવિધા હોવાને કારણે આ વખતે ૪૯૬નું વાવેતર વધુ થશે તેમ મનાઈ રહ્યું છે.

આ ઉપરાંત ખેડૂતોમાં શાકભાજી તેમજ રાયડાના પાકનું વાવેતર વધુ કરવાનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શાકભાજીના પાકમાં કેનાલની આસપાસના વિસ્તારોમાં વધુ થવાનો અંદાજ છે. જો કે ઘઉંના વાવેતરમાં કેનાલની પિયતની સુવિધાને ધ્યાને રાખી વાવેતર સારૂ થશે તેમ તંત્રનું માનવું છે.

પાછોતરો સતત વરસાદ થતાં જમીનમાં ભેજનું તત્વ સારૂ એવુ જળવાઈ રહ્યું છે. બીજુ છેલ્લા સપ્તાહમાં ઠંડી ધીમી ગતિએ આવી રહી છે તે જોતાં આ વખતે ઘઉંનું વાવેતર વધશે તેમ મનાઈ રહ્યું છે.

બટાટાનુંવાવેતર દહેગામ તેમજ ચિલોડા પંથકમાં સારૂ થશે. પાછોતરા વરસાદ પછી કપાસના પાકમાં હજુપણ ઉત્પાદન સારૂ મળવાની આશા ખેડૂતો રાખી રહ્યા છે અને ૧૫ નવેમ્બર પછી રવિ સિઝનના પાકની વાવણીનું કાર્ય આરંભશે.

લાભ પાંચમ પછી જ રવિ પાકની વાવણીનો આરંભ આમેય ખેડૂતો કરતા હોય છે એટલે રવિસીઝન મોડી છે તેમ પણ લોકજીભે ચર્ચાઈ રહ્યું છે.

બટાકાના બિયારણ માટે ખેડૂતો પંજાબ સુધી નજર દોડાવી રહ્યા છે. કેટલાકે ગાંધીનગરનું સ્થાનિક બિયારણ પસંદ કરવાનું મુનાસીબ માન્યું છે.

27th exhibition
ALL PLOTS ONE STOP
26 | 27 | 28 OCTOBER
11.00a.m to 9.00 p.m
GICEA Nirman Bhavan, Law Garden, Ahmedabad
GICEA ESTD - 1947
exclusive for plotted development schemes
NIRMAN 2012
EXHIBITION



ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ વેચાણ ધરાવતી ફર્મ
કામધેનુ સ્ટીલ
ભરોસાપાત્ર ISI
T.M.T. સ્ટીલ
અહી સામાન્ય સ્ટીલ વપરાયેલું છે
અહી કામધેનુ સ્ટીલ વપરાયેલું છે
અલ્ટ્રાટેક
સ્ટોકિસ્ટ
કૈલાસ ટ્રેડર્સ
લોદરાવાળા
Steel Tiger
૯૩૩/૨, સેક્ટર-૩/ડી, ગાંધીનગર.
ફોન : ૯૮૨૪૨ ૬૧૨૨૫, ૨૩૨૨૩૮૦૧, ૯૯૯૮૪ ૭૩૨૦૦

અભૂતપૂર્વ, અદ્વિતીય, અવિસ્મરનીય હેન્ડલુમ અને હેન્ડીક્રાફ્ટ પ્રદર્શન
ભારત ઉત્સવ-2012
પ્રદર્શન અને વેચાણ
Opening from 20th October-2012
Time: 11:00 am. To 10:00 pm.
સેક્ટર-૬/ડી, પોલિસ સ્ટેશન સામે, અપના બજાર પાસે, ગાંધીનગર.
પાર્કીંગ મફત
Entry Ticket ₹ 5/-
Organized by : Shri Adarsh Mahila Audhyogik Sahakari Mandli Ltd.

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ દ્વારા સંચાલિત
ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર

| | |
|---|---|
| ગુજરાત ખાદી | ૨૫ % વળતર |
| ગુજરાત ખાદી તૈયાર કપડાં | ૨૫ % વળતર |
| પરપ્રાંત ખાદી | ૧૫ % વળતર |
| પરપ્રાંત ખાદી તૈયાર કપડાં | ૧૫ % વળતર |
| રેશમ ખાદી | ૧૫ % વળતર |

સરકારશ્રી દ્વારા માન્ય સ્ટીલ તેમજ વુડન ફર્નિચર ખરીદવાનું સ્થળ
ખાદી ગ્રામોધોગ ભવન
પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬, ફોન : ૨૩૨૨૨૩૩૩
સમય : સવારે ૧૦-૩૦ થી ૭-૩૦ કલાક ● રીશેષ : ૨-૩૦ થી ૩-૩૦